# કાર્યનોંધ

## પ્રકાશન સમિતિની શૈક્ષણિક વર્ષ - ૨૦૧૮-૧૯ની પ્રથમ બેઠક

---

તા. ૨૨-૦૬-૨૦૧૮નાં રોજ માન.કુલપતિશ્રીના કાર્યાલયમાં અને તેમની અધ્યક્ષતામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ની પ્રકાશન સમિતિની પ્રથમ બેઠકનું આયોજન થયું. ગત બેઠકમાં કરેલ ભલામણો અનુસાર કરવામાં આવેલ કામગીરીને બહાલી/મંજૂરી આપવામાં આવી. આ ઉપરાંત, નવી કરવાની થતી કામગીરીની નીચેની વિગતે સમિતિએ ભલામણો કરેલ છે.

(૧.) તા.૧૦-૦૪-૨૦૧૮નાં રોજ કરવામાં આવેલ ભલામણો ક્રમ નં. ૧ થી ૧૯ અનુસાર સંશોધન-પ્રકાશન વિભાગે જરૂરી તમામ કાર્યવાહી કરેલ છે, જેની પ્રકાશન સમિતિએ નોંધ લીધી અને કરેલ કામગીરીને બહાલી આપી તેમજ આવશ્યક મંજૂરી પણ આપેલ છે.

(૨.) તા. ૧૮-૦૫-૨૦૧૮નાં રોજ અખિલ ભારતીય પ્રાચ્ય વિદ્યાસંમેલન (AIOC)ના ઉદ્ઘાટન કાર્યક્રમમાં વિમોચન કરવામાં આવેલ ચાર યુનિવર્સિટી ગ્રંથ પ્રકાશનને, તેના પ્રકાશન ખર્ચ તેમજ ચૂકવવામાં આવેલ પુરસ્કારને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. તા. ૦૧-૦૪-૨૦૧૮થી આજ દિન સુધીમાં પ્રકાશન હેતુ થયેલ ખર્ચ રૂ. ૧,૯૫,૮૨૬ /- ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

(૩.) તા. ૧૮-૦૫-૨૦૧૮નાં રોજ અખિલ ભારતીય પ્રાચ્ય વિદ્યાસંમેલન (AIOC)ના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ઉક્ત ચાર ગ્રંથો સિવાય અન્ય ત્રણ ગ્રંથોનું પણ વિમોચન કરવામાં આવેલ, જેની સમિતિએ નોંધ લીધી.

(૪.) अभिज्ञानशाकुन्तलम् અને मुद्राराक्षसम् (ડો. પી.વી. જોશી) ગ્રંથની સમીક્ષા કરાવતાં બંને સમીક્ષકોએ કેટલીક શરતોને આધીન પ્રકાશનની ભલામણ કરેલ છે. પ્રકાશન સમિતિ બંને સમીક્ષકોનાં રિપોર્ટોને આધારે યુનિવર્સિટી નિયમાનુસાર બંને ગ્રંથ પ્રકાશનની મંજૂરીની ભલામણ કરે છે. Publication Agreement તથા સમીક્ષકોની શરતો સહિત પ્રકાશન મંજૂરીનો પત્ર પાઠવીને, Publication Agreement કરીને પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

(૫.) તા. ૧૧-૦૮-૨૦૧૭ની પ્રકાશન સમિતિની ભલામણ ક્રમ નં. ૨ મુજબ Error Analysis in Modern Sanskrit Literature (Dr. Dipesh Katira) ગ્રંથને ઝડપથી પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે.

(૬.) તા. ૧૮-૧૧-૨૦૧૬ની પ્રકાશન સમિતિની ભલામણ ક્રમ નં. ૩ મુજબ बारीन्द्रकुमार घोषः (ગુજરાતીમાંથી સંસ્કૃત અનુવાદ) (અનુવાદક ડો. પંકજકુમાર રાવલ) ગ્રંથની સોફ્ટ કોપી જે તે મુદ્રક પાસેથી હાલમાંજ પ્રાપ્ત થયેલ છે, જેની સમિતિએ નોંધ લીધી અને આ ગ્રંથને ઝડપથી પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે.

(૭) તા. ૧૫-૦૭-૨૦૧૭ની પ્રકાશન સમિતિની ભલામણ ક્રમ નં. ૫ મુજબ वेदान्तपरिभाषा નામના ગ્રંથની સોફ્ટ કોપી જે તે મુદ્રક પાસેથી હાલમાંજ પ્રાપ્ત થયેલ છે, જેની સમિતિએ નોંધ લીધી અને આ ગ્રંથને સમિતિએ સૂચવેલ સંપાદક ડો. જાનકીશરણ આચાર્યને આ ગ્રંથની સોફ્ટ કોપી આપી આ સોફ્ટ કોપીમાં જરૂરી સંપાદન/સંશોધન/કરેકશન/પ્રુફ વાંચન શરૂ કરી ઝડપથી પ્રકાશિત કરવા સમિતિ ભલામણ કરે છે.

(૮) कश्मीर शाक्त दर्शनम् एवं भवानी सहस्रनाम स्वाहाकार-निरूपणम् (ડો. ચમનલાલ રૈના) ગ્રંથની સમીક્ષા હેતુ સમિતિ નીચેની વિગતે બે સમીક્ષકોના નામ સૂચવે છે. સાથે-સાથે બે વધારાના (વૈકલ્પિક) સમીક્ષકોના નામો પણ સૂચવે છે.

સમીક્ષક-૧ = ડો. વિજય પંડ્યા
સમીક્ષક-૨ = પ્રો. કલાનાથ શાસ્ત્રી (દેવર્ષિ)
વિકલ્પ-૧ = પ્રો. કમલેશદત્ત ત્રિપાઠી, IGNCA, Varanasi
વિકલ્પ-૨ = પ્રો. શશીનાથ ઝા, દરભંગા, બિહાર



SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(૯) ડૉ. અમૃતલાલ ભોગાયતાજીના મહાશોધનિબંધની (Ph.D. Thesis) સમીક્ષા હેતુ સમિતિ નીચેની વિગતે બે સમીક્ષકોના નામ સૂચવે છે. સાથે-સાથે બે વધારાના (વૈકલ્પિક) સમીક્ષકોના નામો પણ સૂચવે છે.

સમીક્ષક-૧ = પ્રો. પ્રભુનાથ દ્વિવેદી, Varanasi
સમીક્ષક-૨ = પ્રો. વસંત ભટ્ટ
વિકલ્પ-૧ = ડૉ. હર્ષદેવ માધવ, અમદાવાદ
વિકલ્પ-૨ = ડૉ. ગૌતમ પટેલ, અમદાવાદ

(૧૦) ડૉ. ડી.એમ. મોકરિયા કૃત नरसिंहः ગ્રંથની સમીક્ષા કરાવતાં બે સમીક્ષકો પૈકી એક સમીક્ષકશ્રીનો રીપોર્ટ આવેલ, જેને સમિતિએ વંચાણે લીધો. આ રીપોર્ટ અનુસાર સંશોધન (સૂચવેલ સુધારા-વધારા) બાદ नरसिंहः ગ્રંથ પ્રકાશન હેતુ ફરી સ્વીકારવા સમિતિ ભલામણ કરે છે.

(૧૧) સ્વામી श्रद्धानन्दःની સમીક્ષા કરાવતાં બંને સમીક્ષકોએ રીપોર્ટ મોકલી આપેલ, જેને સમિતિએ વંચાણે લીધાં. બંને રીપોર્ટોને આધારે સંપૂર્ણ સંશોધન (સૂચવેલ સુધારા-વધારા) બાદ જ ગ્રંથ પ્રકાશન હેતુ ફરી સ્વીકારવા સમિતિ ભલામણ કરે છે.

(૧૨) वाक्यार्थज्योतिः अङ्कः-३ ગ્રંથની સમીક્ષા હેતુ સમિતિ નીચેની વિગતે ત્રણ સમીક્ષકોના નામ સૂચવે છે. સાથે-સાથે બે વધારાના (વૈકલ્પિક) સમીક્ષકોના નામો પણ સૂચવે છે.

સમીક્ષક-૧ = પ્રો. રામકુમાર શર્મા, આર. એસ. એસ., જયપુર, રાજસ્થાન
સમીક્ષક-૨ = પ્રો. ગૌરી માહુલીકર, ચિન્મય મિશન, અર્નાકુલમ, કેરળ
સમીક્ષક-૩ = પ્રો. દેવસિંહ રાઠવા, પાટણ, ગુજરાત
વિકલ્પ-૧ = પ્રો. દિલીપ પટેલ, પાટણ, ગુજરાત
વિકલ્પ-૨ = પ્રો. નિરંજન પટેલ, વલ્લભ વિદ્યાનગર, ગુજરાત
વિકલ્પ-૩ = પ્રો. આર. એ. ચોટલીયા, રાજકોટ, ગુજરાત

(૧૩) યુનિવર્સિટીના તમામ સંકાય અધ્યક્ષશ્રીઓ પાસેથી પ્રકાશન હેતુ આવતા ગ્રંથોની સમીક્ષા હેતુ Panel of Book Reviewers તૈયાર કરવા પ્રકાશન સમિતિ ભલામણ કરે છે.

(૧૪) યુનિવર્સિટી પ્રકાશન બજેટને ધ્યાને લઈ હાલમાં પુસ્તક પ્રકાશનોના ક્રમમાં अभिज्ञानशाकुन्तलम्, मुद्राराक्षसम्, शोधज्योतिः (अंक-१), Error Analysis in Modern Sanskrit Literature, बारीन्द्रकुमार घोषः, संस्कृतवाङ्मये शिवतत्त्वम् અને वेदान्तपरिभाषाને રાખી પુસ્તક પ્રકાશનની સમિતિ ભલામણ કરે છે.

(૧૫) Temple Management ગ્રંથ પ્રકાશનની વિગતે ચર્ચા કરવામાં આવી. આ ગ્રંથ યુનિવર્સિટી કોર્સ Diploma in Temple Managementના સિલેબસ મુજબ, અતિ ઉપયોગી તથા સમગ્ર ગુજરાત રાજયમાં તેની ખૂબજ માંગ હોય તેને Board of Studies માંથી પ્રકાશનની મંજૂરી લઈ પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

આ વિગતે સંશોધન અધિકારીશ્રીએ જણાવેલ છે કે આ ગ્રંથની અગાઉ સમીક્ષા કરાવતાં બે સમીક્ષકોએ સમીક્ષા કરી બંને રીપોર્ટ મોકલી આપેલ છે. બંને રીપોર્ટોના આધારે અગ્રિમ કાર્યવાહી/ સંપાદનની ભલામણ છે. આ ગ્રંથના સંપાદન હેતુ પ્રકાશન સમિતિ સર્વાનુમતે સંપાદકરૂપે પ્રકાશન સમિતિ સભ્ય ડૉ. પંકજ રાવળના નામની ભલામણ કરે છે. સંપૂર્ણ સંશોધન (સૂચવેલ સુધારા-વધારા) કર્યા બાદ Temple Management ગ્રંથ પ્રકાશન હેતુ ફરી સ્વીકારવા સમિતિ ભલામણ કરે છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

**(ડૉ. કાર્તિક પંડ્યા)**
સંશોધન અધિકારી